# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૪

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ સાથે સામેલ રીપોર્ટની વિગત વંચાણે લેતા સેનીટેશન ખાતામાં મહાત્મા ગાંધી સ્વચ્છના મિશન ૨૦૧૪–૨૦૧૯ સુધી હોઈ સેનીટેશન ખાતામાં તમામ પ્રકારની સ્વચ્છતા અંગેની માહીતી ડેટા એન્ટ્રી ધ્વારા સરકારમાં મોકલવાની થતી હોઈ તે કામે કોમ્પ્યુટર નંગ–૧ (તમામ એસેસરી, સી.પી.યુ., મોનીટર, કી બોર્ડ, માઉસ, પ્રિન્ટર, સ્કેનર) ઓન લાઈન સીસ્ટમ સાથેની ખરીદી કરવા તેમજ સદર કામે ઓપરેટર તરીકે એક કર્મચારીની કરાર આધારીત નિમણુંક કરવા જે કામનો તમામ ખર્ચ સ્વચ્છતા અંગેની આવેલ કેપેસીટી બીલ્ડીંગ હેઠળની ગ્રાટમાંથી કરવાનું ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૯૫

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ સાથે સામેલ રીપોર્ટની વિગત વંચાણે લેતા સેનીટેશન વિભાગમાં સરકારશ્રી ધ્વારા શહેરની ગટર સફાઈ કામે ત્રણ વાહનો (૧) મોટી જેટીગ મશીન (૨) નાનો જેટીગ મશીન (૩) ડીસીલટીંગ મશીન ફાળવેલ છે તે ત્રણેય મશીન / વાહનનો વીમો તારીખ.૧૨–૦૧–૨૦૧૮ના રોજ પુર્ણ થતો હોઈ તે વીમો એક વરસ માટ રીલાયન્સ જનરલ ઈન્શ્યોરન્સ કંપનીમાં અપ્સરા મોટર્સ ખંભાત મારફતે રીન્યુ કરાવવા માટેનો થયેલ ખર્ચ નીચે મુજબનો ખર્ચ રૂપીયા.૪૮,૨૩૮/–અંકે રૂપીયા અડતાલીસ હજાર બસો આડત્રીસ પુરા મંજુર કરવામાં આવે છે.

| અ.ન. | વાહન ની વિગત | રકમ |
|---|---|---|
| (૧) | જીજે ૨૩/જી ૦૪૦૦ | ૨૯૬૦૦–૦૦ |
| (૨) | જીજે ૨૩/જી ૦૪૦૧ | ૯૩૧૮–૦૦ |
| (૩) | જીજે ૨૩/જી ૦૪૦૨ | ૯૩૧૮–૦૦ |
| | | ૪૮૨૩૮–૦૦ |

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૬

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે આ સાથે સામેલ રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ઘન કચરાના નિકાલ કામે આવેલ ટ્રેકટર નંબર. જીજે ૨૩ બી ૮૫૧૨ ની અંદર જરૂરી માલ સામાન કલ્ચ પ્લેટ, કલ્ચ કીટ, કલ્ચ પ્લેટ બેરીગ, કલ્ચ ફીગર સેટ, વોટર પંપ, રેડીયેટર, સીલેન્ડર કીટ, ગુટકા વગેરે ખરાબ થઈ ગયેલહોઈ તે કામના રીપેરીગ કરાવવા સરકયુલર ટેન્ડરથી ચાલુ બજાર ભાવથી ભાવો મેળવતા આવેલ સમય મર્યાદામાં ત્રણ એજન્સી (૧) ન્યુ ઈન્ડીયા મોટર ગેરેજ, ખંભાત (૨) સહારા ઓટોમોબાઈલસ વર્કસ તારાપુર (૩) કે.જી.એન. મોટર ગેરેજ શકરપુર ખંભાત વાળાના ભાવ પત્રક આવેલ હોઈ તે ટેન્ડરો ખુલ્લા કરી કમ્પેરેટીવ એસ્ટીમેટ તૈયાર કરતાં સૌથી ઓછા ભાવ સહારા ઓટોમોબાઈલસ વર્કસ તારાપુર વાળાના રૂપીયા.૧૫,૫૫૦/– આવેલ છે આવેલ ભાવ એજન્સી પાસેથી સદરહુ ટ્રેકટર રીપરીગ કરાવી લેવા તેમજ આવેલ ભાવ એજન્સીનો મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૭
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આજ રોજ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે ગુ.ન.પા. અધિનિયમ ૧૯૬૩ની કલમ ૧૧૫, ૧૧૬ અને ૧૧૭ અનુસાર શહેરની ખાનગી મીલકતોની નામ ટ્રાન્સફર અંગેની આવેલ અરજીઓનો ક્રમ ૧ થી ૬૫ મુજબની ટેક્ષ વિભાગ તરફથી ચીફ ઓફીસરશ્રી મારફતે રજુ થયેલ છે જે ચર્ચા વિચારણાની અંતે યોગ્ય જણાવેલ હોઈ સદરહુ અરજીઓ મુજબની તમામ મીલકતોના નામ ટ્રાન્સફર કરવાની મંજુરી આપવામાં આવે છે તદઅનુસારની નોંધ આકારણી રજીસ્ટર અને ડીમાન્ડ રજીસ્ટરે કરવા ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે. અને ટેક્ષ વિભાગ તરફથી જાહેરાત આપેલ તેમાં કોઈ વાંધા અરજી આવેલ નથી જેથી વર્ષ ૨૦૧૭–૨૦૧૮ ના નાણાંકીય વર્ષમાં આખરી કરાવેલ ડીમાન્ડ મંજુર રાખવામાં આવે છે અને તે મુજબ અમલવારી કરવાની રહે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત
સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૯૮

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આજ રોજ તારીખ.૨૩–૦૩–૨૦૧૮ ના રોજ મળેલ કારોબારી સમીતીની બેઠકમાં ઠરાવવામાં આવે છે શહેરની ખાનગી મીલકતો જે એકત્ર કરવા ભાગ પાડવા નામ શેષ (ખંડેર) કરવા ધંધાકીય (બીન રહેણાંક) કરવા તથા નંબર કમી કરવા આવેલ અરજી નંબર ૧ થી ૨૫ સુધીની અરજીઓની ઝોનલ ઓફીસરની મારફતે સ્થળ તપાસનો રીપોર્ટ – મુજબની ચીફ ઓફીસરની મારફતે રજુ થયેલ સદરહુ અરજીઓમાં નિયમ મુજબ ફેરફાર કરવા તથા આકારણી રજીસ્ટરે તથા ડીમાન્ડ રજીસ્ટરમાં સુધારા મંજુર તથા તે માટે ચીફ ઓફીસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય

ચેરમેન

એકઝીકયુટીવ કમીટી

ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ

સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ

સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા

સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા

સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ

સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી

સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી

સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ર૯૯</u>

## <u>તારીખ.ર૩–૦૩–ર૦૧૮</u>

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના ૧૬૪ સફાઈ કામદારોને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ર૪૧ તારીખ.ર૯–૧ર–ર૦૧૭ થી દૈનીક રૂપીયા. ર૧૪–પ૦ પૈસાથી રાખવામાં આવેલ છે. તેઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૭ તા.૧૯–૦૪–ર૦૧૭થી થયા મુજબ ૧૦% (દસ ટકા)નો વધારો તા.૦૧–૦૪–ર૦૧૮ થી આપવા પાત્ર થતો હતો તેની જગ્યાએ તારીખ.૧૬–૦૩–ર૦૧૮ થી દૈનીક રૂપીયા. રપ૦/– તરીકે ચુકવવાના રહેશે અને હવે પછીનો વધારો ૧૦% (દસ ટકા) મુજબનો તારીખ.૦૧–૦૪–ર૦૧૯ થી વધારો કરવાનો રહેશે તેમ ઠરાવવામાં આવે છે અને આ તમામ રોજમદાર કર્મચારીઓને તારીખ.૩૧–૦૩–ર૦૧૮ના રોજ મુદત પુરી થતી હોઈ તેઓને પુનઃ તારીખ.૩૦–૦૪–ર૦૧૮ સુધી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાંતા તેઓને છુટા કરવાના રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલીકા, ખંભાત
## એકઝીકયુટિવ કમિટિ ઠરાવ નંબર.૩૦૦
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

(૧) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા સંચાલીત પુસ્તકાલયમાં પુસ્તકો આપવા લેવા માટે તથા પેપરો રજીસ્ટરમાં જમા લેવા માટે સ્મિતાબેન શૈલેશભાઈ – શાહને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી માહે જાન્યુઆરી–૨૦૧૮ થી માહે માર્ચ–૨૦૧૮ સુધી ત્રણ માસ માટે ઉચ્ચક રૂપીયા. ૩૦૦૦/– અંકે રૂપીયા ત્રણ હજાર પુરા થી કર્મચારી રાખવામાં આવેલ હતા જે – કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી સદર કર્મચારી સ્મિતાબેન શૈલેશભાઈ શાહ ઉચ્ચક માસિક રૂપીયા.૩૦૦૦/–અંકે રૂપીયા ત્રણ હજાર પુરા થી માહે તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૦–૦૪–૨૦૧૮ સુધી ૧(એક) માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૨) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ચાર બગીચાઓ આવેલા છે તે ચારેય બગીચાઓની કામગીરી કરાવવા માટે બગીચાઓમાં અપુરતો સ્ટાફ હોવાથી ચારેય બગીચાઓમાં સાફ સફાઈ, મહેંદી કટીંગ, લીલા ઘાસ કાપવા તથા ફુલ, છોડને પાણી પીવડાવવાની કામગીરી કરાવવા માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તા.૨૯–૧૨–૨૦૧૭ થી માહે જાન્યુઆરી–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮ સુધી ત્રણ માસ સુધી રાખવામાં આવેલ હતા જે કર્મચારીની મુદત તારીખ. ૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી મજુર કામદારોને માહે તા.૦૧–૦૪–૨૦૧૮ થી ૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે નીચે જણાવેલ કર્મચારી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | નરેન્દ્ર હિમંતસીંહ પરમાર | રૂા.૫૧૩૨/– |
| (૨) | ઘનશ્યામ કાંતીભાઈ ખલાસી | રૂા.૫૧૩૨/– |
| (૩) | ધીરજ જગદીશચંદ્ર પટેલ | રૂા.૫૧૩૨/– |
| (૪) | હર્ષાબેન શૈલેશભાઈ ખલાસી | રૂા.૪૯૮૫/– |
| (૫) | નાથાભાઈ નારણભાઈ સલાટ | રૂા.૫૧૩૨/– |
| (૬) | વિજય ચંદુભાઈ ચુનારા | રૂા.૫૧૩૨/– |

(૩) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકા અગાઉ બગીચા ખાતામાં તથા લાઈટ ખાતામાં જે નીચેના કર્મચારીઓ કામગીરી કરતા હતા તેઓએ સેનીટેશન ખાતામાં સફાઈ અંગેની કામગીરી કરવા ઠરાવવામાં આવે છે. જે કર્મચારીની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી તેઓને તારીખ.૦૧–૦૪–

૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે નીચે જણાવેલ કર્મચારી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| | | |
|---|---|---|
| (૧) | રમીલાબેન રમેશભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૨) | ઉર્મિલાબેન સોમાભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૩) | જયોતિબેન ઉમેશભાઈ હરીજન | રૂા.૪૯૮૫/– |
| (૪) | રાજન દીપકભાઈ હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૫) | જયેશભાઈ એસ.હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૬) | કમલેશભાઈ આર .હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૭) | મનુભાઈ ઉકાભાઈ હરીજન | રૂા.૫૧૩૨/– |
| (૮) | ઈશ્વરભાઈ જે. હરીજન | રૂા.૫૧૩૨/– |

(૪) આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના જુદા જુદા વિભાગમાં નીચે જણાવેલ કર્મચારીઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી જાન્યુઆરી–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ જેમાં તેઓને તા.૦૧–૦૪–૨૦૧૮ થી તા.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | દૈનીક રોજ રૂપીયા. |
|---|---|---|
| (૧) | રવિકુમાર અમૃતલાલ રાણા (એકાઉન્ટ ખાતુ) | દૈનીક રોજ રૂા.૨૮૬/– |
| (૨) | મીતેષકુમાર જશવંતભાઈ જોષી(એકાઉન્ટખાતુ) | દૈનીક રોજ રૂા.૨૬૪/– |
| (૩) | પ્રકાશભાઈ જયંતીભાઈ ચુનારા(ગુ.વ્ય.વિભાગ) | દૈનીક રોજ રૂા.૨૮૬/– |
| (૪) | શૈલેશભાઈ ડાહયાભાઈ શાહ (લાઈટ ખાતુ) | દૈનીક રોજ રૂા.૩૧૩/૫૦ |
| (૫) | સોલંકી રાકેશકુમાર મગનભાઈ(બાંધકામખાતુ) | દૈનીક રોજ રૂા.૨૬૪/– |
| (૬) | સોમપુરા મૃગેનકુમાર પ્રકાશચંદ્ર(બાંધકામખાતુ) | દૈનીક રોજ રૂા.૨૬૪/– |
| (૭) | મહેશભાઈ જી. રાણા | દૈનીક રોજ રૂા.૨૩૧/– |

(૫) આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના લાઈટ વિભાગમાં મધ્ય ગુજરાત વિજ કંપની લીમીટેડના પત્ર નંબર. ૪૮૬ તારીખ.૨૨–૦૧–૨૦૦૩ મુજબ વાયરમેનના પરવાના ધરાવતાં લાઈનમેન તથા સ્ટ્રીટ લાઈટના ફીકચરો લાવવા લઈ જવા માટે તથા નીસરણી ઉચકવા માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી માહે જાન્યુઆરી–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮ સુધી ૬ લાઈનમેન રાખવામાં આવેલ હતા. જેઓની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ મુદત પુર્ણ થતી હોવાથી સ્ટ્રીટ લાઈટની આવેલ ફરીયાદોના નિવારણ માટે ફરીવાર ૬ લાઈનમેન રાખવાની જરૂરત હોવાથી જે નીચે જણાવેલ કર્મચારીને માહે તારીખ. ૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક (૧)

માસ  માટે ઉચ્ચક માસીક પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે.

અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનુંનામ | | | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|---|---|
| (૧) | યોગેશકુમાર એસ. શાહ | | | રૂા.૫૭૪૭/– |
| (૨) | રાકેશકુમાર બી. રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૩) | નરેશકુમાર બી રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૪) | સોહેલ આઈ. મનસુરી | | | રૂા.૫૭૪૭/– |
| (૫) | રાકેશકુમાર આર. રાણા | | | રૂા.૫૭૪૭/– |
| (૬) | અરવિંદભાઈ બી. રાણા | | | રૂા.૫૧૩૨/– |

(૬) ઉપરોકત રીપોર્ટ વંચાણે લેતા વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા માટે કર્મચારીની ઘટ પડતી હોવાથી અગાઉ એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ માહે જાન્યુઆરી –૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮ સુધી કુલ–૨૨ કર્મચારીને ઉચ્ચક પગારથી રાખવામાં આવેલ જેઓની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પૂર્ણ થતી હોવાથી આગામી એક માસ તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ. ૩૦–૦૪–૨૦૧૮ સુધી માટે નીચે જણાવ્યા મુજબનાં કર્મચારીઓને તેમના નામ સામે દર્શાવેલ વેતનથી રાખવાના થતા હોઈ જેની વિગત નીચે મુજબ છે.

| ખાતાનું નામઃ–વોટર વર્કસ | | | |
|---|---|---|---|
| ક્રમ | કર્મચારીનું નામ | માસિક ઉચ્ચક | કલાક |
| ૧ | રઈજીભાઈ શંકરભાઈ ગોહેલ | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૨ | દેવજીભાઈ જેસીગભાઈ સોલંકી | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૩ | હર્ષદભાઈ અંબાલાલ મકવાણા | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૪ | દિપેશભાઈ અશોકભાઈ ઠાકોર | ૬૬૫૫ | ૨૪ કલાક |
| ૫ | સાજીદખાન ફીરોજખાન પઠાણ | ૭૨૬૦ | ૨૪ કલાક |
| ૬ | હીંમતભાઈ મફતભાઈ ચુનારા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૭ | પઢીયાર રણજીતસીંહ અમરસીંહ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૮ | નરેશભાઈ હરજીભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૯ | દિનેશચંદ્ર ધનશ્યામલાલ પટેલ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૦ | પ્રતાપભાઈ જી. ગરાસીયા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૧ | ભાવેશ ગોવિંદભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૨ | હીરેન ગોપાલદાસ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૩ | ભરતકુમાર ગોવિંદભાઈ રબારી | ૬૦૫૦ | ૨૪ કલાક |

| | | | |
|---|---|---|---|
| ૧૪ | રાજેશ નરસીંહભાઈ હરીજન | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૫ | કમલેશ આશાભાઈ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૬ | રવીભાઈ મગનભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૭ | જયેશ બંસીભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૮ | શૈલેષ ગણપતભાઈ ગોસ્વામી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૧૯ | શબ્બીરભાઈ કાલુભાઈ મલેક | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૦ | કમલેશ મનુભાઈ પટેલ | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૧ | કલ્પેશકુમાર કનુભાઈ વાઘરી | ૬૦૫૦ | ૨૪ કલાક |
| ૨૨ | ઠાકોરલાલ નગીનદાસ રાણા | ૬૦૫૦ | ૨૪ કલાક |

આગળનાં રીપોર્ટમાં જણાવેલ ૧ થી ૨૨ ક્રમમાં જણાવેલ જે કર્મચારીઓની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ ના રોજ પુર્ણ થતી હોવાથી તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે સદર કર્મચારીઓને ક્રમ નં– ૧ થી ૪ ને ઉચ્ચક પગારથી માસીક રૂપીયા. ૬૬૫૫/–થી ક્રમ નં–૫ સાજીદખાન ફીરોઝખાન પઠાણ ના ઉચ્ચક પગારથી માસીક રૂપીયા. ૭૨૬૦/– તથા ક્રમ નં– ૬ થી ૨૨ ને ઉચ્ચક પગારથી માસીક રૂપીયા.૬૦૫૦/– પગારથી ૨૪કલાક વોટર વર્કસ વિભાગમાં પંપીગ મશીનરી ચલાવવા સાચવવા તથા વાલ્વ ઓપરેટ કરવા ફરીવાર રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

(૭) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના બાંધકામ વિભાગ માટે એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી માહે જાન્યુઆરી–૨૦૧૮ થી માર્ચ–૨૦૧૮ સુધી ત્રણ માસ માટે રાખવામાં આવેલ જેની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થાય છે જેથી જુદા જુદા હેડ વર્કસ ઉપર અન્ય પાણીની લાઈનો દુરસ્ત કરવા તેમજ પ.વ.ડી. ખાતાનાં પરચુરણ કામો જેવા કે ગટરના ચેમ્બર કુંડીઓ વિગેરે રીપેરીગ કરવા અંગે જરૂરી ખોદાણ તથા પથ્થર લાદીઓનું લેવલીંગ કામ કરવાના કામે તથા અન્ય પરચુણ મજુરી કામ કરાવવા માટે બહારના પંદર(૧૫)મજુર કામદારો રોજંદારી દરથી રૂા.૨૩૫–૯૫ અંકે રૂપીયા બસો પાંત્રીસ અને પંચાણું પૈસા પુરા પ્રમાણે તા. ૦૧–૦૪–૨૦૧૮ થી તા. ૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે તેમજ આ અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતા છુટા કરવાના રહેશે.

(૮) ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા ગુજરાત અર્બન ડેવલોપમેન્ટ ગાંધીનગર ધ્વારા મહાત્મા ગાંધી સ્વચ્છતા મીશન ૨૦૧૪–૧૯ હેઠળ શહેરની અંદર સોલીડ વેસ્ટની કામગીરી કામે/સફાઈ કામે જે.સી.બી. મશીન ખંભાત નગરપાલિકા ખાતે મળેલ છે જેને ચલાવવા ઓપરેટરની જરૂરીયાત હોઈ શ્રી રાજુભાઈ જીલુભાઈ –

પરમાર ને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી મળેલ મંજુરી મુજબ તારીખ.૦૧–૦૧–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૮ સુધી રાખવા મંજુર કરવામાં આવેલ જેની સમય મર્યાદાની મુદત તા.૩૧–૦૩–૨૦૧૮ ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી એક (૧) માસ માટે તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી માટે પ્રતિ માસ રૂપીયા.૮૨૫૦/– (ઉચ્ચક) પગારથી રાખવા મંજુર અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

(૯) ઉપરોકત રીપોર્ટ વિગત વંચાણમાં લેતા સેનીટેશન વિભાગમાં સફાઈની દેખરેખ રાખવા અને ગટર ગામના સુપરવીઝન કામે તેમજ રાત્રી દરમ્યાન સફાઈ કામ – સુપરવીઝન માટે સ્ટાફની જરૂરીયાત હોઈ જેઓ ઘણા સમયથી કામગીરી કરે છે માટે જેઓને નિયમિત કામગીરીને કારણે જાહેર રસ્તાઓ અને ગટરની ફરીયાદો નહીવત છે જેઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી મળેલ મંજુરી મુજબ તારીખ.૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૦૩–૨૦૧૮ સુધી રાખવા મંજુર કરવામાં આવેલ જેની સમય મર્યાદાની મુદત તા.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી ફરીથી એક (૧) માસ માટે તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી માટે રાખવા થતો ખર્ચ મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાય તો છુટા કરવાના રહેશે.

| અ.નં. | નામ | સમય | પગાર (રૂા.) |
|---|---|---|---|
| ૧ | શ્રી અર્પણ એ દરબાર | ૧ માસ | માસીક રૂા.૫૯૮૯/– |
| ૨ | શ્રી કમલેશભાઈ એમ. રબારી | ૧ માસ | માસીક રૂા. ૫૫૦૫/– |
| ૩ | શ્રી જગદીશભાઈ જી. વણકર | ૧ માસ | માસીક રૂા. ૫૭૪૭/– |

(૧૦) આથી ઠરાવ કરવામાં આવે છે કે ચીફ ઓફીસર સાહેબ ની ભલામણ વંચાણે લેતા એકાઉન્ટ વિભાગમાં પટાવાળા ડાહયાભાઈ સોમાભાઈ રાણા ઉચ્ચક રૂા.૩૬૦૦/– માસીક વેતનથી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી ત્રણ માસની મુદત માટે ઠરાવ કરવામાં આવેલ જેની મુદત તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ પુર્ણ થતી હોવાથી સદર કર્મચારી ડાહયાભાઈ સોમાભાઈ રાણાને રૂપીયા.૩૬૦૦/– માસીક વેતનથી ફરીવાર તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી પુનઃએક માસ માટે રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાંતા છુટા કરવામાં આવશે.

(૧૧) ઉપરોકત રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકામાં નગરપાલિકાના ઓફીસ વિભાગ માટે હાલમાં ફરજ બજાવતાં બંસીલાલ શંકરલાલ રાવને માસીક ઉચ્ચક પગાર રૂપીયા. ૫૦૦૦/– પુરાથી – એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ માહે તારીખ.

૦૧–૦૧–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૮ ના માસનો ઠરાવ કરવામાં આવેલ છે જેથી તેઓનો તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક (૧) માસનો ઠરાવ માસીક રૂપીયા.૫૦૦૦/– થી ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૨) ઉપરોકત રીપોર્ટની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકામાં નગરપાલિકા ની કામગીરી કરવા માટે નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી શ્રી સોમાભાઈ ગોરધન–ભાઈ રાણાને પટાવાળા તરીકે કામગીરી કરવા રાખવા માટે અગાઉ ના વર્ષોમાં જે કામ કરી ચુકેલા છે તેઓને એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તા.૨૯–૧૨–૨૦૧૭ થી તેમને તા.૦૧–૦૧–૨૦૧૮ થી તા.૩૧–૦૩–૨૦૧૮ સુધી ઠરાવ કરવામાં આવેલ જેમાં તેઓને તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી સદર કર્મચારીને માસીક રૂપીયા. ૩૦૦૦/– અંકે રૂપીયા ત્રણ હજાર પુરાથી એક માસ માટે રાખવા ઠરાવવામાં આવે છે અને તેઓએ રવિવાર તથા જાહેર રજાના દિવસો એ પણ ફરજ બજાવવાની રહેશે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૩) ઉપરોકત રીપોર્ટ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના ફાયર વિભાગ માટે હાલમાં ફરજ બજાવતાં મોહંમદઅશકરી એ.મીર્ઝા ને રોજના રૂપીયા.૩૦૦/–થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી તેમને તારીખ.૦૧–૦૧–૨૦૧૮ તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના માસનો ઠરાવ કરવામાં આવેલ છે. જેથી તેઓને તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસનો ઠરાવ રોજના રૂપીયા.૩૦૦/–થી ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા – કરવાના રહેશે.

(૧૪) ખંભાત નગરપાલિકામાં નગરપાલિકાની તમામ મીલકતો નો રેકોર્ડ કંમ્પલીટ – કરવા તેમજ તેને લગતી તમામ કામગીરી કરવા નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી (૧) શ્રી કમલેશકુમાર પી. શાહ તથા કમીટી કલાર્ક, એસેટ કલાર્કની કામગીરી માટે અગાઉના વર્ષોમાં કામ કરી ચુકેલા અને અનુભવી નગરપાલિકાના નિવૃત્ત કર્મચારી (૨) શ્રી જગદીશકુમાર એમ. કડીયા ને ઓફીસમાં તથા વોટર વર્કસ વિભાગ માટે અનુભવી નિવૃત્ત કર્મચારી (૩) શ્રી મહેન્દ્રકુમાર એ. પટેલ ને આરટીઆઈ તેમજ હેડકલાર્કની મદદમાં તેમજ તેને લગતી તમામ કામગીરી કરવા તથા (૪) શ્રી દેવા–ભાઈ આર. ડામોર ને નગરપાલિકામાં સ્ટોર કીપર તરીકે / જરૂર જણાયે તમામ કામગીરી કરાવવા માટે તથા (૫) શ્રી કમલેશકુમાર એમ. પંચાલ (૬)શ્રી મનુભાઈ આર.પટેલને વોટર વર્કસ ખાતામાં રોજના રૂપીયા.૨૨૦/–થી એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી તેમને તારીખ.૦૧–૦૧–૨૦૧૮ થી તારીખ.૩૧–૦૩–૨૦૧૮ ના માસનો ઠરાવ કરવામાં આવેલ છે. જેથી તેઓનો

તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ.૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસનો ઠરાવ રોજના રૂપીયા.૨૨૦/–રોજ થી રાખવા ઠરાવ કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

(૧૫) ઉપરોકત રીપોર્ટ તથા ચીફ ઓફીસર સાહેબની ભલામણ વંચાણમાં લેતા ખંભાત નગરપાલિકાના ફાયર બ્રિગેડ વિભાગ માટે કર્મચારીઓની ઘટ હોવાથી અગાઉ – એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૨૪૨ તારીખ.૨૯–૧૨–૨૦૧૭ થી તેમને તારીખ. ૦૧–૦૧–૨૦૧૮ થી ૩૧–૦૩–૨૦૧૮ સુધી ત્રણ માટે સાત કર્મચારીઓને ઉચ્ચક પગારથી રાખવામાં આવે જે કર્મચારીઓની તારીખ.૩૧–૦૩–૨૦૧૮ના રોજ મુદત પુર્ણ થતી હોવાથી ફરી વાર સદર કર્મચારીને તારીખ.૦૧–૦૪–૨૦૧૮ થી તારીખ. ૩૦–૦૪–૨૦૧૮ સુધી એક માસ માટે ઉચ્ચક પગારથી રાખવા મંજુર કરવામાં આવે છે અને જરૂર ન જણાતાં છુટા કરવાના રહેશે.

| અ.ન. | કર્મચારીનું નામ | માસીક ઉચ્ચક પગાર |
|---|---|---|
| (૧) | મહેશભાઈ મગનભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૨) | સુરેશભાઈ નટવરભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૩) | કમલેશભાઈ બંસીભાઈ હરીજન | રૂપીયા.૫૧૩૨/– |
| (૪) | બરકતઅલી હસનઅલી સૈયદ | રૂપીયા.૬૬૦૦/– |
| (૫) | વિમલગીરી રમણગીરી ગોસાંઈ | રૂપીયા.૬૬૦૦/– |

નોંધઃ– દૈનીક રોજ રૂપીયા.૩૦૦/– થી વધારો થતો હોય તેવો કોઈપણ કર્મચારીનો એકઝી કયુટીવ ઠરાવ નંબર.૩૭ તારીખ.૧૯–૦૪–૨૦૧૭થી ઠરાવ્યા મુજબનો વધારો કરવાનો રહેશે નહી તે મુજબ પણ ઠરાવવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા

# ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૧

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

આથી ઠરાવ કરવામાં આવે છે કે ખંભાત નગરપાલિકાના શોપીગ સેન્ટરોની લાયસંસ ફી (ભાડા) ઉપર જી.એસ.ટી. વસુલ કરવામાં આવે છે તેની જે રકમ થાય તે જી.એસ.ટી. કચેરીમાં દર માસે જમા કરાવી તેનું રીર્ટન ફાઈલ કરવાના કામે પી.જી.ઠકકર એન્ડ કું ખંભાત ના ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી ને વાર્ષીક રૂપીયા. ૨૦,૦૦૦/– અંકે રૂપીયા વીસ હજાર પુરાથી રોકવા એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૮ તારીખ.૧૯–૦૧–૨૦૧૬ જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૬૬ તારીખ.૧૭–૦૩–૨૦૧૬ થી મંજુર થયેલ છે જે મુજબ પી.જી.ઠકકર એન્ડ કું ચાર્ટડ એકાઉન્ટન્ટશ્રી ખંભાતનું તારીખ.૦૧–૦૪–૨૦૧૭ થી તારીખ.૩૦–૦૯–૨૦૧૭ સુધીનું અર્ધવાર્ષીક રૂપીયા.૧૦,૦૦૦/– અંકે રૂપીયા. દસ હજાર પુરા નું બીલ નંબર. સર્વિસ ટેક્ષ/જીએસટી/૦૧/૨૦૧૭–૧૮/૧ તારીખ. ૦૮–૦૩–૨૦૧૮ આવેલ છે જે મંજુર કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૨
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા શાક મારકેટમાં આવેલ ઓટલા વિભાગ ગ્રાઉન્ડ ફલોર ઓટલા નંબર. ૧૪ વાળી હાલમાં (૧) સવિતાબેન લલ્લુભાઈ ચુનારા રહેવાસી આઈ. પી.મીશન, આંબાખાડ રોડ, મુ. ખંભાત તા. ખંભાત જી. આણંદના નામે ચાલે છે. સદર ઓટલા નંબર. ૧૪ તેઓ (૧) કલ્પેશભાઈ કંચનલાલ ચુનારા ઠે. ઉપલુ પાધરીયું, મુ. શકરપુર, તા. ખંભાત જી. આણંદના નામે ટ્રાન્સફર કરવા એકઝીકયુટીવ કમીટી નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ. ૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ ઓટલામાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂા. ૨૫,૦૦૦/– તથા – માસીક લાયસંસ ફીમાં ૨૫ (પચ્ચીસ)ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે ઓટલા (૧) કલ્પેશભાઈ કંચનલાલ ચુનારા ઠે. ઉપલુ પાધરીયુ, મુ. શકરપુર, તા. ખંભાત જી. આણંદ ના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર.

### શ ર તો

(૧) સદર ઓટલાની માસીક લાયસન્સ ફી થી આપેલ છે.

(૨) સદર ઓટલાનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી(૧)તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર ઓટલાનું માસિક લાયસંસ ફી રૂપીયા.<u>૧૬૫/–અંકે રૂપીયા એકસો પાસંઠ</u> પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) માસીક લાયસંસ ફી નિયમસર ચઢે ચઢયું આપવાનું રહેશે અને તે મુજબના ના આપે તો મ્યુનીસીપાલીટી કબજો લઈ શકે છે.

(૫) ઓટલો ભાડે રાખનાર ઈસમ ઓટલો પેટા ભાડવાતને આપી શકશે નહી અગર તો ભાડવાતને હકક, ગીરો, દાન, વીલ, બક્ષીસ, અગર બીજી કોઈપણ રીતે બીજાને આપી શકશે નહી તેમ છતાં પણ આ શરતોનો ઉલ્લંઘન કરી મ્યુની.ની લેખીત પરવાનગી સિવાય ઓટલો બીજાને આપવામાં આવશે અગર પોતાની સાથે બીજાને પેટા ભાગીદાર તરીકે મ્યુની.ની લેખીત સંમતી સિવાય રાખવામાં આવશે તો મ્યુની. તે ઓટલો ખાલી કરાવશે અથવા મ્યુની. જે કાંઈ નિર્ણય લેશે તે નિર્ણય ભાડવાતને તથા લાગતા વળગતાને બંધનકર્તા રહેશે.

(૬) સદર ઓટલો રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખથી (૧૮) અઢારમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે. મુદતમાં લાયસંસ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. પરંતુ જયાં પેનલ્ટીની શરત કરારમાં હશે તો ત્યાં મુજબની શરતનો અમલ ચાલુ રહેશે. જયાં શરત ના હોય ત્યાં દશ(૧૦)ટકા પેનલ્ટી આપવાની રહેશે. તેમજ

કોઈપણ ત્રણ (૩) માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી શકશે અને નગરપાલિકા અધિનિયમની જોગવાઈ અનુસાર કબજો મેળવવા / લેવા હકકદાર રહેશે

(૭) સદર ઓટલાની લાયસન્સનો કરાર અંગ્રેજી નવ(૦૯)વર્ષની મુદત માટે રહેશે અને ૦૯(નવ)વર્ષ પુર્ણ થયા પહેલા જે તે ઓટલો રાખનારે લાયસંસ રીન્યુ કરવા અંગેની જવાબદારી રહેશે. છતાં પણ તેમુજબ નહી વર્તનાર સામે આ શરતનો ભંગ થયેથી ઓટલા નો કબજો પરત લેવા નગરપાલિકા હકકદાર રહેશે.

(૮) સદર ઓટલો હરાજીથી આપેલ ઓટલો નવ(૦૯)વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરેલ છે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકા માલીકીનો રહેશે અને ઓટલાની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજાનો રહેશે.

(૧૦) લાયસંસદાર ભવિષ્યમાં ઓટલો ટ્રાન્સફર કરવા ઈચ્છે તો તેની નામ ટ્રાન્સફર ફી રૂપીયા.૨૫,૦૦૦/–તથા જે ઓટલાની માસીક લાયસન્સ ફી હોય તેને પચાસ ગુણતાં રૂા.૨૫,૦૦૦/– કરતાં વધારે થતી હોય તે ઓટલાની ટ્રાન્સફર ફી રૂા. ૫૦,૦૦૦/– તથા જે તે વર્તમાન સમયે જે લાયસન્સ ફી હશે તેમાં ૨૫ (પચ્ચીસ) ટકાનો વધારો થશે તથા વારસાઈથી ઓટલામાં નામ ટ્રાન્સફર ફી ના રૂપીયા.૫૦૦૦/–પાંચ હજાર પુરા તથા ઓટલામાંથી ભાગીદાર નામ કમી કરવાના રૂપીયા.૫૦૦૦/– આપવાના રહેશે જે કોઈ પોલીસી નગરપાલિકા વખતો વખત નકકી કરે તે ભરી અન્યને નામે ટ્રાન્સફર કરી શકશે અને તે મુજબનો જરૂરી કરાર ટ્રાન્સફર કરાવનાર ઈસમે – ભોગવવાનો રહેશે.

(૧૧) લાયસન્સ ફી થી આપેલ ઓટલામાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈ પણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા – દેવામાં આવશે નહી અને કરી શકશે પણ નહીં.

(૧૨) હાલમાં હોય તે તેમજ ભવિષ્યમાં નવા પડે અગર ફેરફારથી વધે તેવા તમામ પ્રકારના મ્યુની.ના તથા કેન્દ્ર / રાજય સરકારશ્રી તરફથી જાહેર કરવામાં આવે તે તમામ વેરાઓ ભરવાની જવાબદારી લાયસંસ ફી થી રાખનાર ઈસમની રહેશે.

(૧૩) ઓટલાની અંદર સમાજ વિરૂઘ્ધ કાંઈપણ પ્રવૃત્તિ કરવા દેવામાં આવશે નહીં. સદરહુ પ્રવૃત્તિ સમાજ વિરૂઘ્ધ છે કે નહી તે અંગે મ્યુની. નો નિર્ણય છેવટનો ગણાશે.

(૧૪) ઓટલો લાયસંસ ફી થી રાખનારે અવિભાજય શરતોથી ઓટલો લાયસંસ ફી થી લેવાની છે અને ધારણ કરવાની છે.

(૧૫) સદર લાયસંસ ફી થી આપેલ ઓટલામાં નુકશાન થાય તેવું કૃત્ય લાયસંસદાર કરી શકશે નહીં તેમ છતાં પણ નુકશાન કરેલું માલુમ પડશે તો નુકશાનીના નાણાં અંગે

લાયસંસદાર જવાબદાર રહેશે. તે અંગેના નુકશાનીની તમામ રકમ નગરપાલિકામાં જમા કરાવવાના રહેશે.

(૧૬) લાયસંસનો કરાર કરાવવાનો તમામ ખર્ચ જેવો કે સ્ટેમ્પ ખર્ચ, લખામણી ફી વિગેરે લાયસન્સદારે ભોગવવાનો રહેશે. તે અંગે નગરપાલિકાએ કોઈપણ જાતનો ખર્ચ કરવાનો રહેશે નહીં.

(૧૭) ગુજરાત નગરપાલિકા અધિનિમય ૧૯૬૩ નીચે જે રીતે ટેક્ષ વસુલાત કરી શકાય છે તે રીતે લાયસન્સ ફી ની રકમ પણ ટેક્ષ છે તેમ ગણી નગરપાલિકા વસુલ કરી શકશે અને તે બાબતમાં લાયસન્સ ફી થી રાખનારની કોઈ તકરાર ચાલશે નહી.

(૧૮) આ ઓટલામાં હોટેલ, વીશી ભઠ્ઠીઓનો વેપાર તથા સગડી વિગેરે વાપરી તેઓ કોઈ ધંધો મ્યુનીસીપાલીટીની સંમતી સિવાય લાયસન્સફી થી રાખનાર કરી શકશે નહીં.

(૧૯) નગરપાલિકાની  લેખીત પરવાનગી સિવાય ઓટલામાં રીપેરીંગ કામ, રંગકામ, સુધારો વધારો કરી શકાશે નહીં અને તે અંગેનો જે કોઈ ખર્ચ આવે તે તમામ ખર્ચ લાયસંસદારે પોતાને ભોગવવાનો રહેશે. અને આ અંગે નગરપાલિકાની લેખીત મંજુરી લીધા બાદ જ કામ કરવાનું રહેશે.

(૨૦) ઓટલો લાયસંસ ફી થી રાખનાર ભાગીદારી પેઢી હશે તેવા પ્રસંગે ભાગીદારો પૈકી કોઈ ભાગીદાર ધંધો છોડી દે અથવા ભાગીદાર જાય ત્યારે બાકી રહેતા ભાગીદારો પાસે આ ઓટલો બાકી મુદત માટે રહેવા દેવામાં આવશે. પરંતુ આવા પ્રસંગે તેઓ એ નવેસરથી નીયમ મુજબનો કરાર તેમના ખર્ચે કરી આપવાનો રહેશે અને તે કરાર ન કરે ત્યાં સુધીની જવાબદારી તમામ ભાગીદારો અથવા તો પૈકીના કોઈ ઈસમની રહેશે.

(૨૧) ઓટલો લાયસંસફી થી  રાખનાર શખ્સ અગર તેનો ભાગીદાર અથવા તેમનો નોકર મ્યુની. એ ઠરાવેલ શરતો પૈકી કોઈપણ શરતોનું ભંગ કરે તો મ્યુની. ઓટલાનો કબજો કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય પરત લેવાનો અધિકાર છે.

(૨૨) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૮૬ તારીખ.૧૭–૦૫–૨૦૦૦ ના રોજ કરેલ શરતોમાં આ શરતમાં ન આવતી તમામ શરતો લાગુ પડશે તે મુજબ બીજી તરફવાળાએ અમલ કરવાનો રહેશે.

(૨૩) નગરપાલિકાના એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૪૧તારીખ.૧૯–૦૧–૨૦૧૬ ના રોજ કરેલ શરતોમાં આ શરતોમાં ન આવતી તમામ શરતો અને વિગતો લાગુ પડશે.

(૨૪) સદર ઓટલાના લાયસન્સનો કરાર અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટે રહેશે.

(૨૫) સદર ઓટલામાં બીજી તરફવાળાથી સળગી ઉઠે તેવા જવાળાગ્રાહી પદાર્થો વિ.ભરી શકાશે નહી તેમજ ધંધો કરી શકાશે નહી તેમ કરો પણ ઓટલાને કાંઈપણ નુકશાન કરવામાં આવશે તો તેની નુકશાનીના નાણાં એક તરફવાળાને ભરપાઈ કરવા માટે

બીજી તરફવાળા જવાબદાર રહેશે.

(૨૬) સદરુહ મીલકતનો કબજો મ્યુની. ને કોઈપણ સંજોગોમાં કરારની મુદત દરમ્યાન લેવાનું વ્યાજબી જણાય તો મીલકતનો કબજો ગુજરાત મ્યુની. એકટ ધારાની રૂઈએ લેવા મ્યુની. ને હકક છે.

(૨૭) કરારની મુદત પુરી થયા બાદ મીલકતનો કબજો અમો બીજી તરફવાળા એક તરફ વાળાને હવાલે કરીશું અને એક તરફવાળાને લેખીત સંમતી સિવાય કબજો રાખીશું નહી અને તેવા પ્રસંગે ભાડા ચીઠ્ઠીનો નવો કરાર અમો બીજી તરફવાળા કરી આપવા જવાબદાર છીએ.

(૨૮) આ સિવાય કોઈપણ વધારાની શરત ઉમેરવાની થાય તો નગરપાલિકા તેવી શરતો ઉમેરી શકશે. તે મુજબ વર્તવાની લાયસન્સીની જવાબદારી રહેશે.

(૨૯) ઉપરની શરતો પૈકીની કોઈપણ શરતનું અમો બીજી તરફવાળા ભંગ કરીએ તો તેવે પ્રસંગે એક તરફ વાળા અમો બીજી તરફવાળાએ લાયસંસ ફી થી રાખેલી મીલકતનો કબજો કાયદા મુજબ મ્યુનીસીપાલીટી ના ધારાધોરણ મુજબ કબજો લેવા એક તરફ–વાળાને અધિકાર છે અને તે અંગે થતાં તમામ ખર્ચ અમો બીજી તરફવાળા એક તરફ વાળાને વસુલ આપવા જવાબદાર છીએ પરંતુ તે પ્રસંગે મ્યુનીસીપાલટી એ તેની લેણી રકમ કાપી બાકી રહેતી ડીપોઝીટની રકમ પરત કરવાની રહેશે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીક્યુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૩
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

ચૌદમાં નાણાંપંચની ગ્રાન્ટ અન્વયે શહેરના દરેક વોર્ડના સી.સી.રસ્તાની કામગીરી અંગે કારોબારી સમિતિ ઠ.નં.૧૪૫ / તા.૦૮/૦૯/૨૦૧૭ થી રૂા.૧૦૮/– લાખની જરૂરી ફાળવણી થયેલ. આ બાબતે નાયબ કાર્યપાલક કચેરીના પત્ર નં.સી–૧/૩૭૯/૨૦૧૭ તા.૦૩/૦૨/૨૦૧૮ થી જરૂરી તાંત્રિક મંજુરી મળેલ. આ અંગે જરૂરી ડી.ટી.પી નગરપાલિકા કન્સલ્ટન્ટશ્રી ધર્મેશભાઈ પટેલ મારફતે તૈયાર કરી આ અંગેની જાહેરાત "સંદેશ" તથા "નયા પડકાર" દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી એન કોર્ડ સોલ્યૂશન મારફતે ઓનલાઈન ભાવપત્રકો મંગાવેલ. આમ આ બાબતે તા.૧૪/૦૨/૨૦૧૮ ભાવ ભરવાના હતા. જયારે તા.૧૬/૦૨/૨૦૧૮ સુધીમાં ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ કરવાના હતા. આ બાબતે ચૌદમાં નાણાંપંચ અન્વયે વોર્ડ નં.૧ થી ૪ ના પેકેજ–૧ ના બે ભાવપત્રકો સબમીટ થયેલ. આ બાબતે આવેલ બંન્ને ભાવપત્રકો ઓપન કરતા કેવીન એન્ટરપ્રાઈઝના ભાવ અંદાજીત રકમ રૂા.૪૭,૫૭,૨૯૩/– થી ૯.૭૯% ઓછા પ્રમાણે સૌથી કમી આવેલ છે. આમ આ બાબતે કેવીન એન્ટરપ્રાઈઝના અંદાજીત રકમ રૂા.૪૭,૫૭,૨૯૩/– થી ૯.૭૯% ઓછા પ્રમાણેના મંજુર કરવામાં આવે છે. તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ**
**સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ**
**સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા**
**સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા**
**સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ**
**સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી**
**સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી**
**સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા**
**સહી. નગીનભાઈ રતીલાલ મહીડા**

## ખંભાત નગરપાલિકા, ખંભાત

## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૪

## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં લાલ દરવાજા વિસ્તારમાં સર્કલ બનાવવાની કામગીરી પ્રગતિમાં છે. આ બાબતે સર્કલમાં ગલ્વેનાઈઝ પ્લેટ તથા ઈલેકટ્રીક ફિકેશનની કામગીરી રૂા.૩૫,૨૦૦/– ની તાંત્રિક મંજુરી ના.કા.ઈ.શ્રી કચેરીના પત્ર નં.સી–૧/૪૪૭ તા.૧૬/૦૨/૨૦૧૮ થી મળેલ. આ કામગીરી બાબતે નયા પડકાર દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી આ અંગે તા.૨૨/૦૨/૨૦૧૮ સુધીમાં મંગાવેલ ટેન્ડર ઈસ્યુ કરવાની તારીખ તથા પરત લેવાની તા.૨૭/૦૨/૨૦૧૮ રાખવામાં આવેલ. આ બાબતે નિયમ સમય મર્યાદામાં ત્રણ ભાવપત્રકો આવેલ. આ બાબતે આવેલ ભાવપત્રકોનું તુલનાત્મક પત્રક બનાવતા શ્રી ચીમનલાલ વી.મીસ્ત્રીના ભાવ અંદાજીત રકમ રૂા.૩૪,૦૯૫/– થી ૯.૯૦% વધુ પ્રમાણે સૌથી ઓછા આવેલ છે. આ બાબતે શ્રી ચીમનલાલ વી.મીસ્ત્રીને રૂબરૂ બોલાવતા ભરેલ ભાવમાં ૦.૯૦% નો ઘટાડો કરી અંદાજીત ભાવથી ૯.૦૦% (નવ) ટકા વધુ પ્રમાણે કામગીરી કરવા સંમત થયેલ છે. તદઅનુસાર આ બાબતે શ્રી ચીમનલાલ વી.મીસ્ત્રીના અંદાજીત રકમ રૂા.૩૪,૦૯૫/– થી ૯.૦૦% (નવ) ટકા વધુ પ્રમાણે મંજુર કરવામાં આવે છે. તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

**સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**ચરમન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**

**સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ**
**સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ**
**સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા**
**સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા**
**સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ**
**સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી**
**સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી**
**સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા**
**સહી. નગીનભાઈ રતીલાલ મહીડા**

## ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૦૫
## તારીખ.૨૩-૦૩-૨૦૧૮

ચૌદમાં નાણાંપંચની ગ્રાન્ટ અન્વયે શહેરના દરેક વોર્ડના સી.સી.રસ્તાની કામગીરી અંગે કારોબારી સમિતિ ઠ.નં.૧૪૫ / તા.૦૮/૦૯/૨૦૧૭ થી રૂા.૧૦૮/- લાખની જરૂરી ફાળવણી થયેલ. આ બાબતે નાયબ કાર્યપાલક કચેરીના પત્ર નં.સી-૧/૩૭૯/૨૦૧૭ તા.૦૩/૦૨/૨૦૧૮ થી જરૂરી તાંત્રિક મંજુરી મળેલ. આ અંગે જરૂરી ડી.ટી.પી નગરપાલિકા કન્સલ્ટન્ટશ્રી ધર્મેશભાઈ પટેલ મારફતે તૈયાર કરી આ અંગેની જાહેરાત "સંદેશ" તથા "નયા પડકાર" દૈનિક પેપરમાં જાહેરાત પ્રસિધ્ધ કરી એન કોર્ડ સોલ્યૂશન મારફતે ઓનલાઈન ભાવપત્રકો મંગાવેલ. આમ આ બાબતે તા.૧૪/૦૨/૨૦૧૮ ભાવ ભરવાના હતા. જયારે તા.૧૬/૦૨/૨૦૧૮ સુધીમાં ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ કરવાના હતા. આ બાબતે ચૌદમાં નાણાંપંચ અન્વયે વોર્ડ નં.૫ થી ૯ ના પેકેજ-૨ ના બે ભાવપત્રકો સબમીટ થયેલ. આ બાબતે આવેલ બંન્ને ભાવપત્રકો ઓપન કરતા કેવીન એન્ટરપ્રાઈઝના ભાવ અંદાજીત રકમ રૂા.૫૯,૪૬,૫૭૯/- થી ૧૧.૨૭% ઓછા પ્રમાણે સૌથી કમી આવેલ છે. આમ આ બાબતે કેવીન એન્ટરપ્રાઈઝના અંદાજીત રકમ રૂા.૫૯,૪૬,૫૭૯/- થી ૧૧.૨૭% ઓછા પ્રમાણેના મંજુર કરવામાં આવે છે. તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૩૦૬
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

ખંભાત નગરપાલિકા વિસ્તારમાં ત્રણબત્તી પાસે જૂના મચ્છીમાર્કેટ શોપીંગ સેન્ટરમાં પાઈપ લાઈનની કામગીરી બાબતે તથા બંબાખાના હોલમાં વ્હાઈટ વોશની કામગીરી બાબતે મજુરી કામના સરકયુલર ટેન્ડર ફેરવી ભાવપત્રકો મંગાવેલ. આ બાબતે આવેલ ભાવણત્રકો પૈકી સૌથી ઓછા આવેલ ભાવપત્રકો નીચે પ્રમાણે મંજુર કરવામાં આવે છે.

| નં. | કામનું નામ | એજન્સી નામ | આવેલ ભાવપત્રક |
|---|---|---|---|
| ૧ | જૂના મચ્છીમાર્કેટ શોપીંગ સેન્ટરમાં પાઈપ ફિટીંગ કરવાનું કામ | સી.વી.મીસ્ત્રી | ૩૭૦૦/– |
| ૨ | બંબાખાના હોલમાં વ્હાઈટ વોશ મારવાનું મજુરી કામ | સી.વી.મીસ્ત્રી | ૨૦૦૦/– |

આ બાબતે આ અંગેનો ખર્ચ મંજુર કરવામાં આવે છે.

**સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય**
**ચેરમેન**
**એકઝીકયુટીવ કમીટી**
**ખંભાત નગરપાલિકા, ખંભાત**
**સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ**
**સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ**
**સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા**
**સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા**
**સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ**
**સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી**
**સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી**
**સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા**
**સહી. નગીનભાઈ રતીલાલ મહીડા**

# ખંભાત નગરપાલિકા, ખંભાત
## એકઝીકયુટીવ કમીટી ઠરાવ નબર.૩૦૭
## તારીખ.૨૩–૦૩–૨૦૧૮

સરકારશ્રીની ચૌદમાં નાંણાપંચની ગ્રાન્ટ અન્વયે કારોબારી સમિતિ ઠરાવ નં.૨૧૭/તા.૨૦/૧૨/૨૦૧૭ થી "ત્રિકોણીયા શોપીંગ સેન્ટર પાસે કોમ્પ્લેક્ષ તથા સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષમા" એલ.ઈ.ડી સ્ક્રીન અન્વયેની રૂા.૨૧,૧૦,૦૦૦/– કામગીરી બાબતે જરૂરી ઠરાવ થયેલ. આ બાબતે આ અંગેના ડી.ટી.પી નગરપાલિકા માન્ય કન્સલ્ટન્ટશ્રી ધર્મેશભાઈ એમ.પટેલ દ્વારા તૈયા કરેલ. તદઅનુસાર આ અંગેની જાહેરાત દૈનિક પેપર સંદેશ તથા નયા પડકારમાં પ્રસિધ્ધ કરી એન–કોડ સોલ્યુશન મારફતે ભાવપત્રકો મંગાવવામાં આવેલ. આ બાબતે ટેન્ડર ઓન–લાઈન ભરવાની તારીખ ૦૩/૦૨/૨૦૧૮ તથા ફિઝીકલ ડોકયુમેન્ટ રજુ કરવાની તા.૦૬/૦૨/૨૦૧૮ રાખવામાં આવેલ. આ બાબતે નિયત સમય મર્યાદામાં બે ફિટીકલ ડોકયુમેન્ટ રજુ થયેલ. આ બાબતે આવેલ બન્ને ભાવપત્રકો પ્રાઈઝબીડ ઓપન કરતા શ્રી ચીમનલાલ વી.મીસ્ત્રીના ભાવો અંદાજીત રકમ રૂા.૨૦,૬૬,૯૩૦/– થી ૧.૫૭% ઓછા પ્રમાણે સૌથી કમી આવેલ છે. જે મંજુર કરવામાં આવે છે. તથા તે અંગે આગળની કાર્યવાહી અર્થે પ્રમુખશ્રી, ચેરમેનશ્રી કારોબારી કમીટી તથા ચીફ ઓફિસરશ્રીને અધિકૃત કરવામાં આવે છે.

સહી. યોગેશકુમાર બેચરલાલ ઉપાધ્યાય
ચેરમેન
એકઝીકયુટીવ કમીટી
ખંભાત નગરપાલિકા, ખંભાત

સહી. વસંતભાઈ ચીમનલાલ પટેલ
સહી. પ્રકાશભાઈ નટવરલાલ પટેલ
સહી. શારદાબેન જીતેન્દ્રકુમાર રાણા
સહી. ઉષાબેન પ્રકાશભાઈ બારૈયા
સહી. શીલ્પાબેન રાજેશભાઈ પટેલ
સહી. સુમિત્રાબેન રણછોડભાઈ માછી
સહી. અશોકભાઈ રતીલાલ ખલાસી
સહી. રોહીતભાઈ ઠાકોરલાલ ખારવા
સહી. નગીનભાઈ રતીલાલ મહીડા